| સમગ્ર શિક્ષા Samagra Shiksha | # સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી પસંદગી માટેની જાહેરાત |
|---|---|

સમગ્ર શિક્ષા અંતર્ગત સીઆરસી કો.ઓર્ડિનેટરની હાલ ખાલી રહેલ તમામ જગ્યાઓ તથા ભવિષ્યમાં ખાલી પડનાર તમામ જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી બનાવવા માટે જે તે જિલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/મહાનગરપાલિકા(મ્યુનિસિપલ કોર્પોરેશન)શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિધ્યાસહાયક/શિક્ષક પાસેથી અરજી મંગાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) હસ્તકની સરકારી પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક શાળામાં(ગણિત-વિજ્ઞાન વિષય શિક્ષક અને HTAT-મુખ્ય શિક્ષક સિવાય) વિધાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા સંબંધિત તાલુકા/ઝોનના પ્રાથમિક શિક્ષક વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ આ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરૂઆતની તારીખે મહત્તમ ઉંમર ૫૦(પચાસ)વર્ષ તથા ત્રણ વર્ષનો સરકારી શાળાના શિક્ષક તરીકેનો પ્રત્યક્ષ રીતે વર્ગખંડમાં લાગુ પડતા ધોરણોમાં શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતા હોય અથવા બીઆરસી/યુઆરસી/સીઆરસીકો.ઓ.તરીકેનો અનુભવ ધરાવતા હોય તે શિક્ષક સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અરજી કરી શકે છે.

અગાઉ પ્રતિનિયુકિતથી પરત ગયેલ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે એક વર્ષનો કુલિંગ પિરિયડ નકકી કરેલ છે જેથી આવા બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર એક વર્ષ પૂર્ણ થયા બાદ ફરી અરજી કરી શકશે.એક વર્ષ ગણવાના કિસ્સામાં શિક્ષક તરીકે પરત થઇ શાળામાં હાજર થયેલ તારીખથી એક વર્ષ વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ આ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરૂઆતની તારીખે ગણવાનું રહેશે.

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓનલાઇન (on line)અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ પ્રતિનિયુકિત ૦૧(એક) વર્ષના પ્રોબેશન સહિત મહત્તમ ૩(ત્રણ)વર્ષ અને ત્યારબાદ કામગીરીની સમીક્ષા આધારે વધુમાં વધુ ૨(બે) વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે. એટલે કે મહત્તમ પાંચ વર્ષ માટે પ્રતિનિયુકિતથી નિમણૂક આપી શકાશે.

ઉમેદવારોએ ઓનલાઇન અરજી કરવા માટે **http://www.ssagujarat.org** વેબસાઇટ પર જઇ **Recruitment** પર કલીક કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગદર્શિકા અંગેનો પત્ર તથા પરિશિષ્ટ વેબસાઇટ પર મુકેલ છે. જેને વાંચીને તેમજ પૂર્ણ રીતે સમજીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓનલાઇન કરેલ અરજીની પ્રિન્ટ લઇ પોતાની પાસે રાખવાની રહેશે. પ્રમાણપત્ર ચકાસણી સમયે આ પ્રિન્ટ આઉટ તેમજ નિયત લાયકાતના અસલ પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

ઓનલાઇન અરજી કરવા માટેનો સમયગાળો : તા. ૦૭ - જુલાઇ-૨૦૨૫ સોમવાર(સવારે ૧૧.૦૦ કલાકથી શરૂ)
તા.૧૭ - જુલાઇ-૨૦૨૫ ગુરૂવાર(રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)

ખાસ નોંધ : આ ભરતી માટેની લેખિત પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા સંભવિત ઓગષ્ટ-૨૦૨૫ માસમાં યોજવાનું આયોજન છે.

સહી/- 2/7/25

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર

# પરિશિષ્ટ-૧

## સીઆરસી કો. ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂક માટેની જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા અંગેની સૂચનાઓ

**(એ) સામાન્ય શરતો** :

(૧) આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓનલાઇન અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો તા.૦૭-જુલાઇ-૨૦૨૫ સોમવાર (સવારે ૧૧.૦૦ કલાકથી શરૂ) તા.૧૭-જુલાઇ-૨૦૨૫ ગુરૂવાર(રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) છે.

(૨) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂક માટેના નિયમો અને ભરતી પ્રક્રિયા અંગેનો તા.૨૯/૧૧/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક:એસએસ/કયુઇએમ/સીઆરસીભરતી નોર્મ્સ/૨૦૨૩/૫૫૧૭૪-૨૧૬ની સૂચનાઓ/વિગતો તથા તા.૦૨/૦૭/૨૦૨૫ ના બીઆરસી/યુઆરસીઅને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂક માટેના નિયમો અને ભરતી પ્રક્રિયાના સુધારા પત્ર ધ્યાનપૂર્વક વાંચીને અરજી કરવાની રહેશે.

(૩) ઉમેદવારે સીઆરસી કો.ઓર્ડિનેટરની જગ્યા માટે અરજી કરવાની રહેશે.

(૪) અરજદારે કરેલ ઓનલાઇન અરજીમાં દર્શાવેલ હાલની નોકરીના તાલુકામાં તેઓ નોકરી કરે છે તેમ માનીને તેમની અરજી સ્વીકારવામાં આવે છે.

(૫) ઉમેદવારે પ્રમાણપત્ર ચકાસણી/રૂબરૂ સ્થળ પસંદગી સમયે **On line** કરેલ અરજી પત્રકની લીધેલ પ્રિન્ટ સાથે અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલ સાથે હાજર રહેવાનું રહેશે.

(૬) જિલ્લા કક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી અને રુબરુ સ્થળ પસંદગી સમયે ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન અરજીની પ્રિન્ટ તથા અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલ સાથે જમા કરાવવાની હોઇ તથા તેને આધારે તેમના ગુણાંકનની ચકાસણી/ખરાઇ કરવાની હોઇ આ માટે ઉમેદવારે ઓનલાઇન અરજી સમયે દર્શાવેલ લાયકાત આધારે ગુણાંકન નિયત કરેલ હોઇ, તે સિવાયની અન્ય લાયકાતના ગુણાંકનને જિલ્લા કક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી/રુબરુ સ્થળ પસંદગી સમયે મેરીટ માટે માન્ય ગણાશે નહી.

(૭) ખરાઇ આધારે અમાન્ય ઉમેદવારોની ઉમેદવારી રદ બાતલ કરવામાં આવશે.

(૮) પસંદગી સમિતિના સભ્યો સમક્ષ અગ્રતાક્રમના ઉમેદવારોને બોલાવીને તેમની પસંદગીની જગ્યા માટે તક આપીને તેની સંમતિ મેળવીને તદ્દઅનુસાર પ્રતિનિયુકિતથી નિમણૂક હૂકમ આપવામાં આવશે.

(૯) અગ્રતાક્રમનો ઉમેદવાર કોઇ જગ્યા માટે પસંદગી ન દર્શાવે તો તેનો હક જતો રહેશે અને ભવિષ્યમાં આ જગ્યા માટેનો હકદાવો કરી શકશે નહી.

(૧૦) આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી સીઆરસી કો.ઓર્ડિનેટરની અગાઉની પ્રતિક્ષાયાદી આપોઆપ રદ ગણાશે.

(૧૧) ભરતી પ્રક્રિયા સંદર્ભે અન્ય સૂચનાઓ અત્રેથી જિલ્લાઓને મોકલવામાં આવનાર પરિપત્ર મુજબની રહેશે.

**(બી) સામાન્ય સૂચનાઓ** :

(૧) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણાવામાં આવશે અને તેના પુરાવાઓ સમગ્ર શિક્ષાની કચેરી માંગે ત્યારે અસલમાં રજૂ કરવાના રહેશે અન્યથા અરજી પત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૨) ઉમેદવાર પોતે લેખિત પરીક્ષામાં સમાવેશ થવાથી કોઇપણ જગ્યાની આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થયેથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂક મેળવવાનો હકદાવો કરી શકશે નહી. નિમણૂક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સમગ્ર શિક્ષા પ્રોજેકટની સેવા માટે ઉમેદવાર નિયત કરેલ લાયકાત, શરતો અનુસાર યોગ્ય જણાતા નથી તો જે તે તબકકે આવા ઉમેદવારની નિમણૂક રદ કરવામાં આવશે. નિમણૂક બાબતે સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષાનો નિર્ણય આખરી ગણાશે.

(૩) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હકક/અધિકાર સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલા રહેશે નહી.

(૪) કોઇપણ ઉમેદવાર (A) તેની ઉમેદવારી માટે કોઇપણ પ્રકારનો ટેકો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (B) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (C) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવાના સંજોગોમાં કોઇપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂક રદ કરી શકાશે.

(૫) ઉમેદવારે ઓનલાઇન અરજી નિયત સમયમર્યાદમાં કરવાની રહેશે.

(૬) ઓનલાઇન સિવાયની કોઇપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહી.

(૭) ઉમેદવારે ઓનલાઇન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે. જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મ તારીખ, ઇ મેલ, મોબાઇલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો ફોટો અને સહીનો નમૂનો **200 kb**થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload** કરવાનો રહેશે. **Registration** ફોર્મમાં આપેલ **Email Address** પર **Account Activate** કરવા અંગેનો **Email** આવશે. જેમાં **Click here to Activate પર Click** કરવાથી આપનું **Register** કરેલ **Account Activate** થશે. ત્યારબાદ **Login** થઇ જે તે જગ્યા સામે **Apply Button** પર કિલક કરી અરજી કરવાની રહેશે.

(૮) **On line Application Save** કર્યાબાદ જો અરજીમાં કોઇ ભૂલ જણાય તો **Edit Button** પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે. .

(૯) આપની અરજીને **Confirm Button** પર કલીક કરી આપની અરજીને **Submit** કરવાની રહેશે. **Submit** કરેલી અરજી જ માન્ય ગણાશે અને **Submit** થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(૧૦) **Submit** કરેલ અરજીમાં કોઇપણ પ્રકારનો સુધારો વધારો કરી શકાશે નહી જેની નોંધ લેવી.

(૧૧) લેખિત કસોટી સંબંધિત વિગતો અત્રેની કચેરીની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૧૨) જરૂર જણાયે લેખિત કસોટીના કટ ઓફ માર્કસ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી ધ્વારા નકકી કરવામાં આવશે. જે સર્વેને બંધનકર્તા રહેશે.

(૧૩) પ્રતિનિયુકિતથી પસંદગી અંગેની તમામ સૂચનાઓ ઓનલાઇન મુકવામાં આવશે. તેથી પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી વેબસાઇટ જોતા રહેવાનું રહેશે. આ અંગે અલગથી કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

પરિપત્ર

બીઆરસી/યુઆરસી/સીઆરસી કો. ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂક માટેના સુધારેલ નિયમો અને ભરતી પ્રક્રિયા

પરિપત્ર ક્રમાંક : એસએસ/કયુઇએમ/બીઆરસી/યુઆરસી/સીઆરસી/ ૩૪૦૨૪-૩૪૦૫૬
સુધારેલ ભરતી નોર્મ્સ/૨૦૨૫/
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ,
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેકટર-૧૯, ગાંધીનગર
તા.૦૨/૦૭/૨૦૨૫

વંચાણે લીધા- (૧) બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની ભરતી અંગેની સીંગલ ફાઇલની તા.૦૯/૦૪/૨૦૨૫ની નોંધ

(૨) એસએસ/કયુઇએમ/બીઆરસી/યુઆરસી/સીઆરસી ભરતી નોર્મ્સ/૨૦૨૩/ ૫૫૧૭૪-૨૧૬ તા.૨૯/૧૧/૨૦૨૩

(3) અત્રેની શાખાની તા.૦૯/૦૪/૨૦૨૫ની નોંધ પર માન.શિક્ષણમંત્રીશ્રીની મળેલ મંજૂરી

આમુખ :

અત્રેના વંચાણે લીધા ક્રમાંક-(૨) ના પરિપત્રથી બ્લોક કક્ષાએ બીઆરસી કો.ઓર્ડિનેટર, મહાનગરપાલિકાના ઝોન કક્ષાએ યુઆરસી કો.ઓર્ડિનેટર તથા કલસ્ટર કક્ષાએ સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકે પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુકિતના ધોરણે મહત્તમ ૦૩ વર્ષ માટે નિમણૂક આપીને સેવાઓ લેવા અંગેના બીઆરસી/યુઆરસી/સીઆરસી કો. ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂક માટેના નિયમો અને ભરતી પ્રક્રિયા નિયત કરવામાં આવેલ છે.

સદર પરિપત્રની જોગવાઇઓ/નોર્મ્સ/નિયમોમાં સુધારા વધારા કરવા સમયાંતરે થયેલ રજૂઆતોને ધ્યાનમાં લઇ, પ્રોજેકટના વહીવટી હિતમાં અત્રેની કચેરી દ્વારા સૂચિત સુધારા કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિ ધ્વારા ચર્ચા-વિચારણા અનુસાર સૂચિત સુધારેલ નોર્મ્સ/જોગવાઇઓ/નિયમો અને સૂચનાઓ તૈયાર કરીને વંચાણે લીધા સંદર્ભ-(૧) થી શિક્ષણ વિભાગ મારફતે માન.શિક્ષણમંત્રીશ્રી કક્ષાએ બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતથી ભરતી અંગેના સંદર્ભ-(૨) ના પરિપત્રમાં સુધારા અંગેની નોંધ સીંગલ ફાઇલથી રજૂ કરેલ, જે નોંધમાં સૂચવેલ સુધારા અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

પેજ-૧/૭

પરિપત્ર :

ઉકત બાબતની પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધા સંદર્ભ-(૧)ની સીંગલ ફાઇલથી રજૂ કરેલ નોંધની સંદર્ભ-(૩) થી મળેલ મંજૂરી અન્વયે સંદર્ભ-(૨)ના તા.૨૯/૧૧/૨૦૨૩ના પરિપત્રમાં નીચે આપેલ પત્રકના કોલમ- (અ)માં દર્શાવેલ વિભાગની સામે કોલમ-(બ)માં દર્શાવેલ હાલની જોગવાઇમાં કોલમ-(ક) મુજબ સૂચિત સુધારેલ જોગવાઇ મુજબનો સુધારો નીચે મુજબ કરવામાં આવે છે.

| અ | બ | ક |
|---|---|---|
| વિભાગ | હાલની જોગવાઇ | સૂચિત સુધારો |
| વિભાગ - (એ) ના (iv)ના ક્રમ-(૪)ના ક્રમ-(૧) | બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ. તરીકે મહત્તમ ૦૩(ત્રણ)વર્ષ માટે પ્રતિનિયુકિતથી નિમણૂક આપવામાં આવશે. પ્રતિનિયુકિતથી નિમણૂક મળેથી ઓછામાં ઓછા ૦૧(એક)વર્ષ સુધી ફરજિયાત રીતે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ. તરીકેની કામગીરી કરવાની રહેશે. | બીઆરસી/યુઆરસી અને સીઆરસી ૦૧(એક)વર્ષના પ્રોબેશન સહિત પ્રથમ તબકકે મહત્તમ ૦૩(ત્રણ)વર્ષ અને ત્યારબાદ કામગીરીની સમીક્ષા આધારે વધુમાં વધુ ૦૨(બે) વર્ષ પ્રતિનિયુકિત લંબાવી શકાશે. એટલે કે મહત્તમ પાંચ વર્ષ માટે પ્રતિનિયુકિતથી નિમણૂક આપી શકાશે. |
| વિભાગ - (એ) ના (i)ના ક્રમ-(3) | અરજી કરનાર ઉમેદવાર સામે નૈતિક અધઃપતન, પોલીસ કેસ, અંગત ગુન્હા, નાણાંકીય ઉચાપત સબબ જિલ્લા કક્ષાએથી કાર્યવાહી ચાલુ હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે નહી તેમજ આવેલ અરજીઓની ખરાઇ કરી સ્વીકાર્ય ગણવી કે કેમ? તે અંગેનો નિર્ણય કરવાનો રહેશે. જિલ્લા કક્ષાએથી ખરાઇ કરી અમાન્ય કરવા. આ સિવાયના અન્ય કારણોસર તપાસની કાર્યવાહી ચાલુમાં હોય તેવા કિસ્સામાં તપાસનો નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે તેવી સ્પષ્ટતાના ઉલ્લેખ સાથે તક આપવાની રહેશે. | આ જોગવાઇ યથાવત રાખીને તેમાં ખાતાકીય તપાસ ચાલુ હોય તેવા ઉમેદવાર સામે પરીક્ષાના જાહેરનામુ બહાર પડયા અગાઉની તારીખથી કેસ, તપાસ હોય તો તેવા ઉમેદવાર અરજી કરી શકશે નહિ. |
| વિભાગ - (C) ના ક્રમ-(૭)ના ક્રમ-(૨) | વિભાગ (C) ના ક્રમ-(૭)ના ક્રમ-(૨) મુજબ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ. પૈકી જે જગ્યા માટે સ્થળ પસંદગી કરે અથવા હક જતો કરે (સ્વેચ્છાએ સંમતિ આપે અથવા મેરિટક્રમમાં આવતા હોવા છતાં સ્થળ પસંદ ના કરે/ગેરહાજર રહે)તેવા | • બીઆરસી/યુઆરસી અને સીઆરસી બંન્ને કેડરની મેરિટયાદીમાં સામેલ હોય તો જે કેડરની જગ્યા ખાલી હોય તે જગ્યા પર પ્રતિનિયુકિત મેળવે તો તેવા સંજોગોમાં ભરાયેલ હોય તે કેડરની મેરિટયાદી/પ્રતિક્ષાયાદીમાં તેમનું નામ ચાલુ રાખવું તથા એક કેડરમાં નિમણૂક મેળવી |

પેજ - ૨૭

| અ | બ | ક |
|---|---|---|
| વિભાગ | હાલની જોગવાઇ | સૂચિત સુધારો |
| | સંજોગોમાં તે જગ્યા પરની પ્રતિક્ષાયાદીમાંથી તેઓનું નામ રદ કરી અને તેઓની અન્ય જગ્યા પરની સ્થળ પસંદગીની પ્રક્રિયા બાકી હોય તો તે મેરિટ યાદીમાં નામ ચાલુ રાખવાનું રહેશે. | હાજર થયા બાદ બીજી કેડરમાં સીધેસીધો પ્રતિનિયુકિત હૂકમ આપી શકાશે. માત્ર આવી પરિસ્થિતિમાં જ કુલિંગ પિરિયડની જોગવાઇ લાગુ પડશે નહી.<br>• આવા કિસ્સામાં પ્રથમ કેડર(સીઆરસી કો.ઓ.)ની પ્રતિનિયુકિતનો સમયગાળો બાદ કરીને બાકી રહેતા સમયગાળાનો પ્રતિનિયુકિતનો હૂકમ કરવાનો રહેશે. જે માટે પ્રથમ કેડર(સીઆરસી કો.ઓ.)અને બીજી કેડર(બીઆરસી/યુઆરસી કો.ઓ.) ની કુલ પ્રતિનિયુકિતનો સમયગાળો પ્રથમ ૦૩(ત્રણ) વર્ષ અને ત્યારબાદ કામગીરી સમીક્ષાને આધારે મહત્તમ ૦૨(બે)વર્ષ વધારી શકાશે. એટલે કે પ્રતિનિયુકિતનો કુલ સમયગાળો મહત્તમ ૦૫(પાંચ)વર્ષ રહેશે.<br>દા.ત.પ્રથમ કેડરની સીઆરસી કો.ઓ. તરીકે ૦૧(એક)વર્ષ ૦૨ માસ પ્રતિનિયુકિતથી કામગીરી કરેલ હોય તો બીજી કેડર બીઆરસી/યુઆરસી કો.ઓ. માટે ૦૩(ત્રણ)વર્ષ પૈકી બાકી રહેતા ૦૧ (એક)વર્ષ અને ૧૦(દશ)માસ માટે પ્રતિનિયુકિત હૂકમ આપવાનો રહેશે. ત્યારબાદ કામગીરી સમીક્ષાને આધારે મહત્તમ ૦૨(બે)વર્ષ વધારી શકાશે. એટલે કે બંન્ને કેડરનો ભેગો થઇને પ્રતિનિયુકિતનો કુલ સમયગાળો મહત્તમ ૦૫(પાંચ)વર્ષ રહેશે. |
| વિભાગ - (A) ના (ii)ના ક્રમ-(૧૦)ના ક્રમ-(૧) | શિક્ષક તરીકેનો અનુભવ (નિયત અનુભવ બાદ પ્રત્યક્ષ શિક્ષણ)માટે ૧૦(દશ)ગુણ રહેશે. | આ જોગવાઇમાં શિક્ષક/બીઆરસી/ યુઆરસી/સીઆરસી કો.ઓ.ની કામગીરી તરીકેના અનુભવના [અરજી કરવા માટેના નિયત અનુભવ બાદ પ્રત્યેક વર્ષના ૦૧(એક)ગુણ મુજબ] મહત્તમ ૦૫(પાંચ)ગુણ રહેશે. |
| બીઆરસી/ યુઆરસી અને સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતના હુકમ તથા | બીઆરસી/યુઆરસી અને સીઆરસી તરીકે તદ્દન હંગામી ધોરણે પ્રથમ ૦૧(એક)વર્ષના પ્રોબેશન સહિત કુલ મહત્તમ ૦૩(ત્રણ)વર્ષ માટે પ્રતિનિયુકિત આપવા આથી હૂકમ આપવામાં આવે છે. | સત્રાંત લાભ સિવાયની નિવૃત્તિની તારીખથી ૦૨(બે)વર્ષ પહેલાંની તારીખે પ્રતિનિયુકિત આપોઆપ રદ થયેલ ગણાશે. જે અંતર્ગત જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કક્ષાએથી પ્રતિનિયુકિતનો હૂકમ રદ કરી જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક મુકવાના |

પેજ-૩૭

<table>
<tr><th>અ</th><th>બ</th><th>ક</th></tr>
<tr><th>વિભાગ</th><th>હાલની જોગવાઇ</th><th>સૂચિત સુધારો</th></tr>
<tr><td>બોલીઓ અને શરતો</td><td></td><td>રહેશે. [પ્રતિનિયુક્તિથી નિમણૂક મેળવ્યા બાદ મહત્તમ ૦૫ (પાંચ)વર્ષનો સમયગાળો પૂર્ણ થતો હોય કે ન થતો હોય તો પણ]</td></tr>
<tr><td colspan="3">કચેરી દ્વારા ચર્ચા-વિચારણા અન્વયે સૂચિત સુધારાની વિગતો</td></tr>
<tr><td>વિભાગ - (A) ના (I)વહીવટી માળખુંના ક્રમ-(૧)</td><td>જિલ્લા શિક્ષણ સમિતિ /નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ /મહાનગરપલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) હસ્તકની સરકારી પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળામાં (ગણિત-વિજ્ઞાન વિષય શિક્ષક અને H-TAT-મુખ્ય શિક્ષક સિવાય) વિધ્યાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા સંબંધિત તાલુકા/ઝોનના પ્રાથમિક શિક્ષક ભરતી અંગેની વર્તમન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરુઆતની તારીખે (તા.૦૧/૧૨/૨૦૨૩)બીઆરસી/ યુઆરસી કો.ઓ. માટે પાંચ વર્ષ તથા સીઆરસી કો.ઓ.માટે ત્રણ વર્ષનો સરકારી શાળાના શિક્ષક તરીકેનો પ્રત્યક્ષ રીતે વર્ગખંડમાં લાગુ પડતા ધોરણોમાં શિક્ષણ કાર્યનો અનુભવ ધરાવતા હોય તે અરજી કરી શકે છે.</td><td>આ જોગવાઇ યથાવત રાખીને તેમાં બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ. તરીકેની કામગીરીનો અનુભવ ધરાવતા ઉમેદવાર પણ અરજી કરી શકશે. તથા અરજી કરવાની શરુઆતની તારીખને બદલે અરજી કરવાની અંતિમ તારીખે નિયત અનુભવ ગણાશે.</td></tr>
<tr><td>વિભાગ - (A) ના (III)- શૈક્ષણિક ગુણાંકન અને અનુભવ</td><td>અગાઉની ગુણાંકન પધ્ધતિ
<table>
<tr><td>ધો.૧૦માં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા</td></tr>
<tr><td>ધો.૧૨માં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા</td></tr>
<tr><td>પીટીસી/સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા</td></tr>
<tr><td>બી.એડ/સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા</td></tr>
<tr><td>સ્નાતક /સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા</td></tr>
<tr><td>અનુસ્નાતક/સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા</td></tr>
<tr><td>એમ.એડ./એમફીલમાં મેળવેલ ગુણના</td><td>03 ટકા</td></tr>
<tr><td>પીએચ.ડી. ડિગ્રી/નેટ/સ્લેટ</td><td>૦૨ ગુણ</td></tr>
</table></td><td>સૂચિત સુધારા ગુણાંકન પધ્ધતિ ધ્યાને લેવાની રહેશે.
<table>
<tr><td>ધો.૧૦ ના ગુણ રદ કરવા</td><td>-</td></tr>
<tr><td>ધો.૧૨ ના ગુણ રદ કરવા</td><td>-</td></tr>
<tr><td>પીટીસી/ડી.એલ.એડ./બી.એડ/ સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા ગુણ</td></tr>
<tr><td>સ્નાતક /સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા ગુણ</td></tr>
<tr><td>અનુસ્નાતક /સમકક્ષમાં મેળવેલ ગુણના</td><td>૦૫ ટકા ગુણ</td></tr>
<tr><td>એમ.એડમાં મેળવેલ ગુણના</td><td>03 ટકા ગુણ</td></tr>
</table></td></tr>
</table>

પેજ - ૪/૭

| અ | બ | | ક | |
|---|---|---|---|---|
| વિભાગ | હાલની જોગવાઇ | | સૂચિત સુધારો | |
| | શૈક્ષણિક પ્રવૃત્તિઓ, | ૦૫ ગુણ | પીએચ.ડી./એમ.ફીલ.ની ડિગ્રી મેળવેલ હોય તો (લાયકાત મેળવી લીધી હોય તો ૦૨(બે) ગુણ પુરા મળવાપાત્ર થાય) | ૦૨ ગુણ |
| | છેલ્લા ૦૫(પાંચ) વર્ષમાં રાજયકક્ષાએ રાજય શાળા પાઠયપુસ્તક લેખન/ સમીક્ષા/ મોડયુલ લેખન માટે (પાઠયપુસ્તકનો આધાર રજૂ કરવો તથા મોડયુલ લેખન માટે સંબંધિત સંસ્થાનું પ્રમાણપત્ર) | ૦૧ ગુણ | શૈક્ષણિક પ્રવૃત્તિઓ,<br>........................................................<br>(૧) રાજયકક્ષાની શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે, જીસીઇઆરટી, ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, સમગ્ર શિક્ષા, રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ વગેરે કચેરીમાં પાઠયપુસ્તક લેખન/ સમીક્ષા/ મોડયુલ લેખન વગેરે,<br>(૨) ચિલ્ડ્રન યુનિવર્સિટી / IITE દ્વારા છ માસ કે તેથી વધુ સમયગાળાના ચાલતા પ્રમાણપત્ર કે તેથી ઉપરના કોર્ષ પૂર્ણ કરેલ હોય (રાજયકક્ષાની જે તે સંસ્થાનું પ્રમાણપત્ર)<br>(ઉકત તમામ પ્રવૃત્તિ/સર્ટી માટે એક પ્રવૃત્તિના ૦૧ ગુણ મુજબ મહત્તમ ત્રણ પ્રવૃત્તિ/સર્ટીના ૦૩ ગુણ)<br>........................................................ | ૦૩ ગુણ |
| | છેલ્લા ૦૫ વર્ષમાં રાજયકક્ષાની તાલીમના તજજ્ઞ(સંબંધિત સંસ્થાનું પ્રમાણપત્ર) | ૦૧ ગુણ | | |
| | રાષ્ટ્રીય/રાજય પારિતોષિકના (માત્ર શિક્ષણ વિભાગ, ભારત સરકાર- ગુજરાત સરકાર) | ૦૧ ગુણ | | |
| | ચિલ્ડ્રન યુનિવર્સિટી / IITE દ્વારા છ માસ કે તેથી વધુ સમયગાળાના ચાલતા પ્રમાણપત્ર કે તેથી ઉપરના કોર્ષ પૂર્ણ કરેલ હોય (રાજયકક્ષાની જે તે સંસ્થાનું પ્રમાણપત્ર) | ૦૧ ગુણ | રાષ્ટ્રીય / રાજય પારિતોષિક | ૦૨ ગુણ |
| | છેલ્લા ૦૫ વર્ષમાં રાજયકક્ષાએ (શૈક્ષણિક સંસ્થા)/ યુનિવર્સિટી) શિક્ષણ વિષયક સંશોધન પેપર રજૂ કરેલ હોય તો (રાજયકક્ષાની જે તે સંસ્થાનું પ્રમાણપત્ર) | ૦૧ ગુણ | અનુભવ માટે શિક્ષક/ બીઆરસી/ યુઆરસી/ સીઆરસી કો.ઓ.ની કામગીરી તરીકેનો અનુભવ (અરજી કરવા માટે નિયત કરેલ અનુભવ પછીના પ્રત્યેક વર્ષના ૦૧ ગુણ, ૦૬ માસથી વધુ સમયગાળો હોય તો પૂર્ણ વર્ષ ગણી ૦૧ ગુણ મળવાપાત્ર રહેશે. | ૦૫ ગુણ |
| | | | શૈક્ષણિક ગુણાંકન અને અનુભવના કુલ ગુણ | ૩૦ ગુણ |
| | | | લેખિત પરીક્ષા | ૧૦૦ ગુણ |

પેજ-૫/૭

| અ | બ | ક |
| --- | --- | --- |
| વિભાગ | હાલની જોગવાઇ | સૂચિત સુધારો |
| | શિક્ષક તરીકેનો અનુભવ(નિયત અનુભવ બાદ પ્રત્યક્ષ શિક્ષણનો) (૦૧ વર્ષનો ૦૧ ગુણ મુજબ મહત્તમ ૧૦ ગુણ) છ માસથી વધુ સમયગાળો હોય તો આખુ વર્ષ ગણી તે મુજબ ગુણાંકન કરવાનું રહેશે. મળવાપાત્ર રહેશે. — ૧૦ ગુણ<br>મેરિટયાદી તૈયાર કરવા માટે શૈક્ષણિક ગુણાંકન અને અનુભવના કુલ ગુણ ૫૦ તથા લેખિત પરીક્ષાના કુલ ગુણ ૧૦૦ એમ મેરિટયાદી કુલ ગુણ ૧૫૦ મુજબ બનશે. | શૈક્ષણિક ગુણાંકન અને અનુભવના ૩૦ ગુણ + લેખિત પરીક્ષાના ૧૦૦ ગુણ — ૧૩૦ ગુણ<br>મેરિટ યાદી તૈયાર કરવા માટે શૈક્ષણિક ગુણાંકન અને અનુભવના કુલ ગુણ ૩૦ તથા લેખિત પરીક્ષાના કુલ ગુણ ૧૦૦ એમ મેરિટયાદી કુલ ગુણ ૧૩૦માંથી અંતિમ મેરિટ બનાવવાનું રહેશે. |
| | અગાઉ આ મુજબની જોગવાઇ ન હતી | બીઆરસી/યુઆરસી/સીઆરસી.કો.ઓ. તરીકેની પ્રતિનિયુકિતના સમયગાળા દરમ્યાન કોઇપણ માન્ય/સૂચિત સંઘનો હોદ્દો ધારણ કરી શકશે નહી. |
| વિભાગ - (C) ના ક્રમ-(૧૧) | બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ. ની જગ્યા કોઇપણ કારણોસર ખાલી થાય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ પ્રતિક્ષાયાદીમાંથી સત્વરે આ ખાલી જગ્યાઓ ભરવી. | બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની જગ્યા કોઇપણ કારણોસર ખાલી પડે તો તે તારીખથી દિન-૧૫ માં મેરિટયાદી/ પ્રતિક્ષાયાદીમાંથી સ્થળ પસંદગી કરાવીને પ્રતિનિયુકિત હૂકમ આપવાનો રહેશે. |
| | અગાઉ આ મુજબની જોગવાઇ ન હતી | સીઆરસી કો.ઓ.તરીકેની પ્રતિનિયુકિત દરમિયાન શૈક્ષણિક વર્ષના બંને વેકેશનનો લાભ મળવાપાત્ર રહેશે. |
| | અગાઉ આ મુજબની જોગવાઇ ન હતી | હાલ પ્રતિનિયુકિત પર બીઆરસી/ યુઆરસી તેમજ સીઆરસી તરીકે ચાલુ હોય તેમનો પ્રતિનિયુકિતનો કુલ સમયગાળો ૦૩ વર્ષના બદલે ૦૫ (પાંચ)વર્ષ રહેશે. પરંતુ તેમાં ૦૩(ત્રણ) વર્ષના અંતે સમીક્ષાના આધારે વધુ ૦૨ (બે)વર્ષ લંબાવી શકાશે. |

પેજ-૬૭

ઉકત સુધારેલ જોગવાઇઓ અત્રેની શાખાની સીંગલ ફાઇલની નોંધ પર માન.શિક્ષણમંત્રીશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે. આ સિવાયની અન્ય તમામ જોગવાઇઓ/નિયમો/નોર્મ્સ અગાઉના તા.૨૯/૧૧/૨૦૨૩ના પત્ર મુજબ યથાવત રાખવામાં આવે છે.

ઉકત સુધારેલ જોગવાઇઓ પરિપત્ર પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

૨૧/૪/૨૫

(જે. રંજીથકુમાર, IAS)
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
ગુજરાત

પ્રતિ,

- જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા: તમામ
- એડી. જિલ્લા પ્રોજેકટ કો. ઓ. અને શાસનાધિકારશ્રી, સમગ્ર શિક્ષા, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત

નકલ સવિનય જાણ સારૂ :

- અંગત સચિવશ્રી, માન.શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- માન.અગ્ર સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) શિક્ષણ વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર

નકલ જયભારતસહ રવાના જાણ સારૂ :

- નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી, સેકટર-૧૨, ગાંધીનગર

પેજ - ૧૧

## <u>બ્લોક રિસોર્સ /અર્બન રિસોર્સ તેમજ કલસ્ટર રિસોર્સ સેન્ટર</u>
## <u>કો.ઓર્ડિનેટર્સની પ્રતિનિયુકિતથી ભરતી તેમજ નિમણૂંક માટેના નિયમો</u>

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા,**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**ક્રમાંક : એસએસ/કયુઇએમ/બીઆરસી/યુઆરસી/**
**સીઆરસી ભરતી નોર્મ્સ/૨૦૨૩/૫૫૬૭૪ – ૨૨૬**
**તા.૨૯/૧૧/૨૦૨૩**

**વંચાણે લીધા : (૧) અત્રેની કચેરીના પત્રક્રમાંક : એસએસએ/ મકમ/૨૦૧૭/૩૭૪૮–૩૭૮૭ તા.૦૨/૦૨/૨૦૧૭ તથા ત્યારબાદના તેને આનુસાંગિક પત્રો**
**(૨) શિક્ષણ વિભાગના શિક્ષકના બદલીના નિયમો અંગેના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ–૧) તા.૧૧/૦૫/૨૦૨૩**

**આમુખ :**

સમગ્ર શિક્ષા પ્રોજેકટની અસરકારક અમલવારી અર્થે જિલ્લાના બ્લોક કક્ષાએ બ્લોક રિસોર્સ સેન્ટર કો.ઓર્ડિનેટર (BRCC), મહાનગરપાલિકાના ઝોન કક્ષાએ અર્બન રિસોર્સ સેન્ટર કો.ઓર્ડિનેટર (URCC) તથા કલસ્ટર કક્ષાએ કલસ્ટર રિસોર્સ સેન્ટર કો.ઓર્ડિનેટર(CRCC) તરીકે પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુકિતના ધોરણે મહત્તમ પાંચ વર્ષ માટે નિમણૂંક આપીને સેવાઓ લેવામાં આવે છે.

પ્રાથમિક શિક્ષક સંવર્ગમાંથી પ્રતિનિયુકિતના ધોરણે સેવાઓ લેવા માટે જે તે તાલુકા/ઝોનના પ્રાથમિક શિક્ષકોમાંથી,ઉચ્ચ લાયકાત,શૈક્ષણિક સિધ્ધિઓ તથા અન્ય નવાચારયુકત પ્રવૃત્તિઓના આધારે તથા બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટરને શાળા મુલાકાત અને શૈક્ષણિકકાર્ય હેતુ વર્ગખંડ અવલોકન કરવાનું હોવાથી તે માટે વિષયવસ્તુ આધારિત લેખિત પરીક્ષા યોજીને મેરીટ યાદી બનાવીને પસંદગી કરવામાં આવે છે.

બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂક અંગેના સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરની કચેરી, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૧૭ ના પત્રક્રમાંક : એસએસએ/ મકમ/૨૦૧૭/૩૭૪૮–૩૭૮૭ તથા ત્યારબાદના તેને આનુસાંગિક તમામ પત્રોની જોગવાઇઓ અને સૂચનાઓના આધારે વર્તમાનપત્રમાં જાહેરાત આપીને બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે ભરતી પ્રક્રિયા હાથ ધરીને આ જગ્યાઓ પર મહત્તમ પાંચ વર્ષ માટે પ્રતિનિયુકિત આપવાની નીતિ અમલમાં છે.

બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરને માટે ભરતી પ્રક્રિયા હાથ ધરતા સમયે ઉકત પત્રથી નકકી કરેલ નીતિ તથા ત્યારબાદના તેને આનુસાંગિક તમામ પત્રોની જોગવાઇઓ અને સૂચનાઓના અર્થઘટન અંગે નામ.હાઇકોર્ટમાં રીટ–પીટીશન્સ ફાઇલ કરવામાં આવે છે. ઉપરાંત બીઆરસી/યુઆરસી/સીઆરસીની અરજી કરવાના અનુભવ, શૈક્ષણિક ગુણાંકન તથા અન્ય કેટલાક વહીવટી પ્રશ્નો તથા અન્ય પ્રશ્નો ઉપસ્થિત થતાં જિલ્લામાં ભરતી પ્રક્રિયામાં વિલંબ થાય છે, જેના કારણે વહીવટી તંત્ર તેમજ નામ.હાઇકોર્ટના સમયનો વ્યય થાય છે.

આ સંજોગો નિવારવા નવી ભરતી પ્રક્રિયા વધુ પારદર્શક રીતે તેમજ સરળ રીતે થાય તે હેતુસર બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક અંગેના નવા નોર્મ્સ/જોગવાઇઓ/નિયમો અને સૂચનાઓ તૈયાર કરવાની બાબતે સરકારશ્રી કક્ષાએથી ભલામણ અને સૂચના અપાયેલ તથા તે અન્વયે આ કચેરીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર :**

બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક અંગેના આ અગાઉની તમામ સૂચનાઓ/જોગવાઇઓ રદ કરીને નવેસરથી બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક આપવા અંગેના નવા નોર્મ્સ/જોગવાઇઓ/નિયમો અને સૂચનાઓ તૈયાર કરવા આ કચેરી ખાતે સમિતિની રચના કરીને બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક/પસંદગી માટે શિક્ષણ વિભાગના માર્ગદર્શન અને સલાહ અનુસાર તથા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પરામર્શનમાં નવા નોર્મ્સ નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

**-: અનુક્રમણિકા :-**

| વિભાગ : | વિગત |
|---|---|
| A | બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક માટેના નોર્મ્સ/ નિયમો/જોગવાઇઓ |
| | (i) વહીવટી માળખું |
| | (ii) શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત |
| | (iii) શૈક્ષણિક ગુણાંકન અને અનુભવ કુલ ગુણ : ૫૦ ગુણ<br>(iv) લેખિત પરીક્ષા : કુલ ગુણ : ૧૦૦ ગુણ |
| B | બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક માટેની જાહેરાત અન્વયે રાજય કક્ષાએથી કરવાની કાર્યવાહી |
| C | બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક અન્વયે રાજય કક્ષાએથી મોકલેલ કામચલાઉ મેરિટયાદી (Provisional Merit List)આધારે જિલ્લા કક્ષાએથી કરવાની થતી કાર્યવાહી |
| D | ભરતી પ્રક્રિયાને અંતે પ્રતિનિયુકિતથી નિમણૂંક પામેલ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરના રાજીનામા મંજૂર કરવાની પધ્ધતિ અને પ્રક્રિયા |
| E | બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકેની પ્રતિનિયુકિત કોઇ કારણોસર રદ થાય તો તેવા સંજોગોમાં રજૂઆત માટે અપીલની જોગવાઇ |

| વિભાગ : | વિગત |
|---|---|
| A | **બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી નિમણૂંક માટેના નોર્મ્સ/નિયમો :** |
| | **(i) વહીવટી માળખું :**<br>(૧)જિલ્લા શિક્ષણ સમિતિ/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ/મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન) હસ્તકની સરકારી પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળામાં (ગણિત-વિજ્ઞાન વિષય |

Patange.

| | |
|---|---|
| | શિક્ષક અને HTAT -મુખ્ય શિક્ષક સિવાય) વિધાસહાયક/શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તેવા સંબંધિત તાલુકા/ઝોનના પ્રાથમિક શિક્ષક ભરતી અંગેની વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરુઆતની તારીખે (તા.૦૧/૧૨/૨૦૨૩) બીઆરસી/યુઆરસી કો.ઓ. માટે પાંચ વર્ષ તથા સીઆરસી કો.ઓર્ડિનેટરને માટે ત્રણ વર્ષનો સરકારી શાળાના શિક્ષક તરીકેનો પ્રત્યક્ષ રીતે વર્ગખંડમાં લાગુ પડતા ધોરણોમાં શિક્ષણકાર્યનો અનુભવ ધરાવતા હોય તે અરજી કરી શકે છે.<br>(૨) અરજી કરવા માટેના પ્રાથમિક શિક્ષક તરીકેના ફરજિયાત જરુરી અનુભવ ઉપરાંતના અનુભવનો મેરિટ ગુણાંકનમાં સમાવેશ થશે.<br>(૩) અરજી કરનાર ઉમેદવાર સામે નૈતિક અધ:પતન, પોલીસ કેસ, અંગત ગુન્હા નાણાંકીય ઉચાપત સબબ જિલ્લા કક્ષાએથી કાર્યવાહી ચાલુ હોય તેવા ઉમેદવારો અરજી કરી શકશે નહિ તેમજ આવેલ અરજીઓની ખરાઇ કરી સ્વીકાર્ય ગણવી કે કેમ તે અંગેનો નિર્ણય કરવાનો રહેશે.જિલ્લા કક્ષાએથી ખરાઇ કરી અમાન્ય કરવા. આ સિવાયના અન્ય કારણોસર તપાસની કાર્યવાહી ચાલુમાં હોય તેવા કિસ્સામાં તપાસનો નિર્ણય ઉમેદવારને બંધનકર્તા રહેશે તેવી સ્પષ્ટતાના ઉલ્લેખ સાથે તક આપવાની રહેશે.<br>(૪) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકે અરજી કરવા માટેની વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરુઆતની તારીખે (તા.૦૧/૧૨/૨૦૨૩)મહત્તમ ઉંમર ૫૦(પચાસ) વર્ષની રહેશે.<br>(૫) અગાઉ પ્રતિનિયુકિતથી પરત ગયેલ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે એક વર્ષનો કુલિંગ પિરિયડ નકકી કરેલ છે જેથી આવા બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર એક વર્ષ પૂર્ણ થયા બાદ ફરી અરજી કરી શકશે. એક વર્ષ ગણવાના કિસ્સામાં શિક્ષક તરીકે પરત થઇ શાળામાં હાજર થયેલ તારીખથી વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે ઓનલાઇન અરજી કરવા માટેની શરુઆતની તારીખે (તા.૦૧/૧૨/૨૦૨૩) એક વર્ષ ગણવાનું રહેશે.<br>(૬) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિત જે તે તાલુકાના શિક્ષકમાંથી કરવામાં આવનાર હોવાથી તાલુકાફેર બદલીને કોઇ અવકાશ નથી. જિલ્લાના અન્ય તાલુકામાં જગ્યા ખાલી હોય તો પણ અન્ય તાલુકામાં કોઈપણ કારણોસર પ્રતિનિયુકિત આપી શકાશે નહી. |
| | **(ii) શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત :**<br>(૧) અરજદાર ધો.૧૦/૧૨/સ્નાતક પાસ સાથે પીટીસી/સમકક્ષ પરીક્ષા પાસ અથવા તાલીમી સ્નાતક/સમકક્ષ પરીક્ષા પાસ તરીકેની આવશ્યક શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(૨)સ્નાતક તથા તાલીમી સ્નાતક ઉપરાંતની અન્ય ઉચ્ચ શૈક્ષણિક લાયકાત વધારાની લાયકાત તરીકે ગણાશે તેનો નીચેના કોષ્ટક(ક)માં દર્શાવ્યા મુજબ ગુણાંકનમાં સમાવેશ કરવામાં આવશે.<br>(૩) ઉકત-(૧) અને (૨)ની લાયકાતો પ્રાથમિક શિક્ષકની ભરતી માટે માન્ય ગણાતી લાયકાતો મુજબની રહેશે. શિક્ષક તરીકેની નોકરી દરમિયાન નિયમોનુસાર મેળવેલ વધારાની માન્ય લાયકાત ગુણાંકનમાં ગણાશે. |

Patanc.

| | |
|---|---|
| | **(iii) શૈક્ષણિક ગુણાંકન અને અનુભવ :** **<u>કુલ ગુણ : ૫૦</u>**<br>(૧) ધો.૧૦માં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા<br>(૨) ધો. ૧૨માં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા<br>(૩) પીટીસી/સમકક્ષમાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા<br>(૪) બીએડ/સમકક્ષમાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા<br>(૫) સ્નાતક/સમકક્ષમાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા<br>(૬) અનુસ્નાતક/સમકક્ષમાં મેળવેલ ગુણના ૫(પાંચ) ટકા<br>(૭) એમ.એડ./એમફીલ મેળવેલ ગુણના ૩(ત્રણ) ટકા<br>(૮) પીએચડી ડિગ્રી/નેટ/સ્લેટ ૨(બે) ગુણ<br>**નોંધ : સમકક્ષ લાયકાત માટે પ્રાથમિક શિક્ષકની ભરતી માટે માન્ય તમામ લાયકાત ગણવામાં આવશે.**<br>**તમામ લાયકાતોમાં કુલ ગુણનું (ગ્રોસ)ગુણાંકન ગણવું.**<br>(૮) શૈક્ષણિક પ્રવૃત્તિઓ **<u>૫ (પાંચ)ગુણ</u>**<br>– છેલ્લા ૫ વર્ષમાં રાજયકક્ષાએ પાઠયપુસ્તક લેખન/સમીક્ષા/મોડયુલ લેખન ૧(એક)ગુણ<br>(પાઠ્યપુસ્તકનો આધાર રજૂ કરવો તથા મોડયુલ લેખન માટે સંબંધિત સંસ્થાનું પ્રમાણપત્ર)<br>– છેલ્લા ૫ વર્ષમાં રાજયકક્ષાની તાલીમના તજજ્ઞ<br>(સંબંધિત સંસ્થાનું પ્રમાણપત્ર) ૧ (એક)ગુણ<br>– રાષ્ટ્રીય તથા રાજય પારિતોષિક<br>(માત્ર શિક્ષણ વિભાગ,ભારત સરકાર – ગુજરાત સરકાર) ૧(એક) ગુણ<br>– ચિલ્ડ્રન યુનિવર્સિટી/IITE દ્વારા છ માસ કે તેથી વધુ સમયગાળાના ચાલતા પ્રમાણપત્ર કે તેથી ઉપરના કોર્ષ પૂર્ણ કરેલ હોય<br>(રાજયકક્ષાની જે તે સંસ્થાનું પ્રમાણપત્ર) ૧(એક) ગુણ<br>– છેલ્લા ૫ વર્ષમાં રાજયકક્ષાએ(શૈક્ષિણક સંસ્થા/યુનિવર્સિટી) શિક્ષણ વિષયક સંશોધન પેપર રજૂ કરેલ હોય/રાજય કક્ષાએ એજયુ.ઇનોવેશન ફેરમાં પ્રત્યક્ષ સામેલગીરી સાથે ભાગ લીધેલ હોય તો (જે તે સંસ્થાનું પ્રમાણપત્ર) ૧(એક) ગુણ<br>**(૧૦) અનુભવ :** **<u>૧૦(દશ) ગુણ</u>**<br>(૧) શિક્ષક તરીકેનો અનુભવ(નિયત અનુભવ બાદ પ્રત્યક્ષ શિક્ષણનો) ૧૦(દશ)ગુણ<br>(૧ વર્ષનો ૧ ગુણ મુજબ મહત્તમ ૧૦ ગુણ)છ માસથી વધુ હોય તો આખુ વર્ષ ગણી તે મુજબ ગુણાંકન કરવાનું રહેશે. |
| | **(iv) લેખિત પરીક્ષા : કુલ ગુણ : ૧૦૦ ગુણ (રાજય કક્ષાએથી)**<br>**(૧) <u>વિષયવસ્તુ આધારિત લેખિત પરીક્ષા</u>** **<u>૧૦૦ ગુણ</u>**<br>ગુજરાતી ભાષા(વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૫(પાંચ) ગુણ<br>હિન્દી,અંગ્રેજી,સંસ્કૃત (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦(દશ) ગુણ<br>ગણિત (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ (દશ) ગુણ<br>વિજ્ઞાન (વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦ (દશ) ગુણ<br>પર્યાવરણ/સામાજિક વિજ્ઞાન(વિષયવસ્તુ/પધ્ધતિશાસ્ત્ર) ૧૦(દશ) ગુણ |

| | |
|---|---|
| | કોમ્પ્યુટર (સીસીસી સમકક્ષ) ૧૦(દશ) ગુણ<br>શિક્ષણના સાંપ્રત પ્રવાહો<br>(સમગ્ર શિક્ષા, શિક્ષણ વિભાગની હસ્તકની સંસ્થાઓ અને<br>નવી યોજનાઓ, RTE NEP-2020, શિક્ષણના કાયદા, અન્ય બાબતો) ૨૫ (પચ્ચીસ) ગુણ<br>સામાન્ય જ્ઞાન ૧૦(દશ) ગુણ<br>સીઆરસી/બીઆરસીની કામગીરી ૧૦(દશ) ગુણ |
| | **(૨) મેરિટ તૈયાર કરવાની રીત :**<br>શૈક્ષણિક લાયકાત અને અનુભવના કુલ ૫૦ ગુણ + લેખિત પરીક્ષાના ૧૦૦ ગુણ = ૧૫૦ ગુણ આધારે તાલુકાવાર કામચલાઉ પસંદગી યાદી(Provisional Merit List)તૈયાર કરવામાં આવશે. ત્યારબાદ અસલ પ્રમાણપત્રો આધારે જરૂરી ખરાઇ કરીને આખરી પસંદગી યાદી(Final Merit List)તૈયાર કરવાની રહેશે. |
| | **(૩) પસંદગી યાદીમાં સમાવેશ :** (Merit – Select List)<br>બીઆરસી/યુઆરસી કો.ઓર્ડિનેટર અને સીઆરસી કો.ઓર્ડિનેટરની જગ્યા પૈકી જે જગ્યા માટે ઓનલાઇન અરજી કરીને, લેખિત પરીક્ષા પાસ કરી હશે, તે જગ્યાની લાગુ પડતા તાલુકાની કામચલાઉ પસંદગી(Provisional Merit List)યાદીમાં સમાવેશ કરવામાં આવશે. |
| | **(૪)બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુક્તિનો સમયગાળો :**<br>(૧) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકે મહત્તમ ત્રણ વર્ષ માટે પ્રતિનિયુક્તિથી નિમણૂંક આપવામાં આવશે. પ્રતિનિયુક્તિથી નિમણૂંક મળ્યેથી ઓછામાં ઓછા એક વર્ષ સુધી ફરજિયાત રીતે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકેની કામગીરી કરવાની રહેશે.<br>(૨) જે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરનો નિમણૂંકનો એક વર્ષનો સમયગાળો પૂર્ણ થાય તે તમામ માટે દર વર્ષે સંબંધિત તાલુકા/કલસ્ટરની શાળાઓના પૂર્ણ થયેલ વર્ષના લર્નીગ આઉટકમ્સનું પરિણામ તેમજ સ્કૂલ મોનીટરીંગ એપ તેમજ તેઓની સમગ્ર કામગીરીના મૂલ્યાંકન આધારિત ગુણાંકનને ધ્યાને લઇ કામગીરી સમીક્ષા જિલ્લા ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે. |
| (B) | **બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુક્તિથી નિમણૂંક માટેની જાહેરાત અન્વયે રાજય કક્ષાએથી કરવાની કાર્યવાહી :** |
| | (૧) રાજય કક્ષાએથી વર્તમાનપત્રમાં/વેબસાઇટ પર જાહેરાત પ્રસિધ્ધિ કરીને ઓનલાઇન (On line)અરજીઓ મેળવવામાં આવશે.<br>(૨) અરજી કરનાર ઉમેદવાર અરજી કરવા માટે નિયત કરેલ નોર્મ્સ/માપદંડો પરિપૂર્ણ કરે છે, તેમ માનીને તેમની લેખિત પરીક્ષા યોજવામાં આવશે.<br>(૩) લેખિત પરીક્ષા બાદ ઉમેદવારોની ઓનલાઇન(On line)અરજીમાં દર્શાવેલ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત, અનુભવના ગુણાંકન તેમજ લેખિત પરીક્ષામાં મેળવેલ ગુણને આધારે બીઆરસી/યુઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગ તથા સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગ જે તે તાલુકાવાર કામચલાઉ પસંદગી યાદી(Provisional Merit List) તૈયાર કરીને રાજ્ય કચેરી દ્વારા જિલ્લાઓને મોકલી આપવામાં આવશે. |

Patanie.

| (C) | **બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુક્તિથી નિમણુંક અન્વયે રાજય કક્ષાએથી મોકલેલ કામચલાઉ પસંદગી યાદી (Provisional Merit List) મેરિટયાદી આધારે જિલ્લા કક્ષાએથી કરવાની થતી કાર્યવાહી :** |
|---|---|
| | (૧) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે રાજય કક્ષાએથી મોકલવામાં આવેલ અલગ અલગ મેરિટયાદી/પસંદગી યાદીના આધારે તમામ ઉમેદવારોને પ્રમાણપત્ર ચકાસણી માટે બોલાવીને ઓનલાઇન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની તેમજ તેઓના અસલ ગુણપત્રકોની અસલ પ્રમાણપત્રો તેમજ ગુણ પત્રકોના આધારે ચકાસણી કરીને બીઆરસી/યુઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગ અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગ તાલુકાવાર મેરિટયાદી બનાવવાની રહેશે. તેઓના પ્રમાણપત્ર તેમજ ગુણપત્રકોની ચકાસણીની પ્રક્રિયા જિલ્લા પસંદગી સમિતિ મારફતે કરવાની રહેશે.<br>(૨) મેરીટયાદીના ગુણાંકન સંદર્ભે કે કોઇ પ્રમાણપત્ર સંદર્ભે ઉમેદવારને કોઇ વાંધો/પ્રશ્ન હોય તો તેની રજૂઆત/વાંધો જિલ્લા પસંદગી સમિતિને દિન-૩ માં લેખિતમાં આધારો સાથે રજૂ કરવાનો રહેશે અને વાંધા/રજૂઆત અન્વયે "જિલ્લા પસંદગી સમિતિએ" પ્રમાણપત્ર ચકાસણીના દિવસે જ ભરતીના આ નોર્મ્સ/જોગવાઇઓને આધારે તત્કાલ નિકાલ કરવાનો રહેશે. આ અંગેનો આખરી નિર્ણય "જિલ્લા પસંદગી સમિતિ" નો જ રહેશે.<br>(૩) અરજી કરવા માટે નિયત કરેલ નોર્મ્સ/માપદંડો પરિપૂર્ણ કરતા હોય તેવા ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત તેમજ અનુભવના ગુણાંકન અને લેખિત પરીક્ષાના ગુણના આધારે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની જગ્યા માટે નિયત કરેલ નીતિ અનુસાર ઉકત-(૨)માં દર્શાવેલ પ્રક્રિયા બાદ જે તે તાલુકાવાર આખરી પસંદગી યાદી (Final Merit List)તૈયાર કરવી.<br>(૪) ઉકત-(૩)મુજબ તૈયાર કરેલ તાલુકાવાર મેરિટયાદી આધારે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યાઓ પર પ્રતિનિયુકિતથી નિમણૂંક માટે સ્થળ પસંદગીની પ્રક્રિયા નિયમો અને જોગવાઇઓને આધારે કરવાની રહેશે. |
| | **(૫) જિલ્લા પસંદગી સમિતિ નીચે મુજબની રહેશે.**<br>(૧) જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી – અધ્યક્ષ<br>(૨) પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સભ્ય<br>(૩) જિલ્લા શિક્ષણાધિકારી – સભ્ય<br>(૪) ટીપીઇઓ – સભ્ય (જિલ્લા પસંદગી સમિતિના અધ્યક્ષ નકકી કરે તે જિલ્લાના કોઇ એક તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી)<br>(૫) મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર-કયુઇએમ – સભ્ય સચિવ<br>જિલ્લા પંસદગી સમિતિના ૫ સભ્યો પૈકી ઓછામાં ઓછા ત્રણ સભ્યોની હાજરી અનિવાર્ય રહેશે.<br>**નોંધ** : અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત મહાનગરપાલિકા માટે ક્રમ-(૧)માં એડી.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને શાસનાધિકારી તથા ક્રમ-(૪)માં જે તે ઝોનના મદદનીશ શાસનાધિકારી/સુપરવાઇઝર અને ક્રમ-(૫)માં મદદનીશ જિલ્લા કો.ઓર્ડિનેટર-કયુ.ઇ.એમ.ની કામગીરી કરતા કર્મચારી રહેશે. |

## (૬) જિલ્લા પસંદગી સમિતિ ધ્વારા પ્રમાણપત્ર ચકાસણી અને ત્યાર પછીની આનુસંગિક કાર્યવાહી :

(૧) ઉમેદવારે કરેલ ઓનલાઇન (On line) અરજીની એક નકલ અને તેમાં દર્શાવેલ તમામ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની સ્વપ્રમાણિત કરેલ એક નકલ સબંધિત ઉમેદવાર પાસેથી મેળવવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકો/લાયકાત સિવાયના અન્ય કોઇ પ્રમાણપત્રો કે ગુણ પત્રકો સ્વીકારવાના રહેશે નહિ.

(૩) અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકોની અસલ પ્રમાણપત્રો તેમજ ગુણપત્રકો સાથે જરુરી ખરાઇ કરીને, તે સાચા હોય તો તેને માન્ય ગણવા, અન્યથા તે રદ કરવાપાત્ર હોય તો તેના કારણ દર્શાવી રદ કરવા, અને તે આધારે કામચલાઉ મેરિટયાદીમાં પસંદગી સમિતિએ ફેરફાર કરવો.આ કામગીરી અત્યંત ચોકસાઇ પૂર્વક કરવાની રહેશે.

(૪) નોકરીના સમયગાળા તથા જન્મ તારીખ અંગે હાલની શાળાના આચાર્યનું પ્રમાણપત્ર માન્ય ગણવું.

(૫) ઉકત(૧) થી (૪)ની બાબતો મુજબ ચકાસણીને અંતે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે અલગ અલગ તાલુકાવાર સુધારેલ મેરિટક્રમ મુજબની મેરિટયાદી પસંદગી સમિતિએ તૈયાર કરી, જેમાં મેરિટ ગુણમાં ફેરફાર થતો હોય પરંતુ મેરીટક્રમમાં ફેરફાર ન થતો હોય તો તે તાલુકા માટે સ્થળ પસંદગી કરાવી, રાજય કચેરીની બહાલીની અપેક્ષાએ પ્રતિનિયુકિતથી નિમણુંકના હુકમ સ્થળ પર જ આપવા. આ અંગે પશ્ચાદ્દવર્તી અસરથી રાજય કચેરીની બહાલી મેળવી લેવાની રહેશે.

(૬)જિલ્લા પસંદગી સમિતિએ તૈયાર કરેલ સુધારેલ મેરિટ યાદીમાં કોઇ ઉમેદવારના મેરિટ ક્રમમાં ફેરફાર થતો હોય તો તેવા કિસ્સામાં જ સ્થળ પસંદગી કરાવવી પરંતુ તે સમગ્ર તાલુકા માટે પ્રતિનિયુકિત હુકમ ન આપતા રાજયકક્ષાની બહાલી મેળવ્યાબાદ હુકમ આપવાના રહેશે.

(૭) સ્થળ પસંદગીમાં જે તે તાલુકામાં સ્થળ પસંદગી કેમ્પના દિવસ સુધીમાં બીઆરસી/ યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી પડેલ તમામ જગ્યાઓ દર્શાવવી, તેમજ ભરતી દરમિયાન તે સમયે જ ખાલી પડેલ જગ્યાને પણ સ્થળ પસંદગીમાં દર્શાવવી.

(૮) મેરીટયાદીના ઉમેદવાર જે સ્થળ પસંદગી કરે તેની લેખિત સંમતિ મેળવીને, મહત્તમ ત્રણ વર્ષ માટે પ્રતિનિયુકિતથી નિમણૂંકનો હૂકમ આપવો. પ્રતિનિયુકિતથી નિમણૂંક પામેલ ઉમેદવારે ઓછામાં ઓછા એક વર્ષ ફરજિયાત રીતે ફરજ બજાવવાની રહેશે.

(૯) મેરિટયાદીના ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઇપણ તબકકે વાજબી કારણ વગર ગેરહાજર રહે તો તે ઉમેદવારની ઉમેદવારી આપોઆપ રદ નહિ કરતાં તેઓને રજૂઆત કરવાની વાજબી તક આપીને તે વિચારણામાં લઇ રદ કરવા અંગે યોગ્ય નિર્ણય જિલ્લા પસંદગી સમિતિએ કરવાનો રહેશે તેમજ ઉમેદવાર હાજર હોય પરંતુ કોઇપણ સ્થળ પસંદ ન કરે તેવા સંજોગોમાં તેઓ ભવિષ્યમાં આ જગ્યા માટે હકદાવો કરી શકશે નહી તેવી બાંહેધરી મેળવીને તેઓનું નામ મેરિટયાદીમાંથી રદ કરવાનું રહેશે.

(૧૦) સ્થળ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ એક પણ જગ્યા ખાલી ન રહે તો જે તે તાલુકા માટે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિક્ષાયાદી જિલ્લા પસંદગી સમિતિએ તૈયાર કરવી. આ પ્રતિક્ષાયાદી રાજયકક્ષાની સૂચના ન મળે ત્યાં સુધી અથવા નવી જાહેરાત આવે ત્યાં સુધી અમલી રહેશે.

| | |
|---|---|
| | (૧૧) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતથી ભરાયેલ જગ્યા કોઇ કારણસર ખાલી થાય તો તેવા સંજોગોમાં ઉપલબ્ધ પ્રતિક્ષાયાદીમાંથી સત્વરે આ ખાલી થયેલ જગ્યાઓ ભરવી.<br>(૧૨) સ્થળ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બીઆરસી/યુઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યા માટે પ્રતિક્ષાયાદી ન હોય તેવા સંજોગોમાં જે તે તાલુકા/ઝોનના કાર્યરત સીઆરસી કો.ઓર્ડિનેટર પૈકી ડીપીસી કક્ષાએથી યોગ્ય નિર્ણય લઇ ચાર્જ સોંપવાનો રહેશે.<br>(૧૩) સ્થળ પસંદગીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સીઆરસી કો.ઓર્ડિનેટરની ખાલી જગ્યા માટે પ્રતિક્ષાયાદી ન હોય તેવા સંજોગોમાં જે તે ખાલી કલસ્ટરની તદ્દન નજીકના ક્લસ્ટરના સીઆરસી કો.ઓર્ડિનેટરને ચાર્જ સોંપવાનો રહેશે.<br>**(૭) સ્થળ પસંદગીની પ્રક્રિયા :**<br>(૧) જે તે સમયની ભરતી દરમિયાન બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની તમામ ખાલી જગ્યાઓ સ્થળ પસંદગી સમયે દર્શાવીને પારદર્શક ભરતી કરવાની રહેશે. જેમાં પહેલા બીઆરસી/યુઆરસી કો.ઓર્ડિનેટર માટે સ્થળ પસંદગી કરાવવાની રહેશે, અને પછી સીઆરસી કો.ઓર્ડિનેટર માટે સ્થળ પસંદગી કરાવવાની રહેશે.<br>(૨) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓ. પૈકી જે જગ્યા માટે સ્થળ પસંદગી કરે અથવા હક જતો કરે(સ્વેચ્છાએ અસંમતિ આપે અથવા મેરીટક્રમમાં આવતા હોવા છતાં સ્થળ પસંદ ના કરે/ગેરહાજર રહે) તેવા સંજોગોમાં તે જગ્યા પરની પ્રતિક્ષાયાદીમાંથી તેઓનું નામ રદ કરી અને તેઓની અન્ય જગ્યા પરની સ્થળ પસંદગીની પ્રક્રિયા બાકી હોય તો તે મેરિટ યાદીમાં નામ ચાલુ રાખવાનું રહેશે. |
| (D) | **ભરતી પ્રક્રિયાને અંતે પ્રતિનિયુકિતથી નિમણૂંક પામેલ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરના રાજીનામા મંજૂર કરવાની પધ્ધતિ અને પ્રક્રિયા :** |
| | (૧) જે બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર ધ્વારા પ્રતિનિયુકિતના એક વર્ષના સમયગાળા પહેલા પ્રતિનિયુકિત રદ કરાવવાના કિસ્સામાં અસાધ્યરોગ/ગંભીર બિમારીના કારણોસર રાજીનામું આપી શકશે. જેમાં ગંભીર માંદગીના કારણોમાં શિક્ષણ વિભાગના શિક્ષકના બદલીના નિયમો અંગેના તા.૧૧/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક(ભાગ-૧)પ્રકરણ-'O 'માં દર્શાવેલ અસાધ્યરોગો/ગંભીર બિમારીઓ માટેની જોગવાઇઓ તથા અનિવાર્ય સંજોગોના કારણોસર પ્રત્યેક કિસ્સામાં તેના કારણો માટેના ગુણ-દોષને ધ્યાને લઇને, તેમની રાજીનામાની અરજી જિલ્લા કચેરીએ સ્વીકારીને, તે અંગેની દરખાસ્ત રાજ્ય કચેરીને મોકલવાની રહેશે. આ બાબતે સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર કચેરી, ગાંધીનગર કક્ષાએથી નિર્ણય લેવામાં આવશે.<br>(૨) બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની પ્રતિનિયુકિતના એક વર્ષ બાદ વાજબી કારણોસર પ્રતિનિયુકિત રદ કરાવવા રાજીનામુ આપી શકશે. આ માટેની દરખાસ્ત જિલ્લા કચેરીએ મોકલી આપવાની રહેશે. તેમજ જિલ્લા કચેરીએ દરખાસ્તની જરૂરી ચકાસણી કરીને તે દરખાસ્ત રાજય કચેરીને મંજૂરી માટે મોકલી આપવાની રહેશે. રાજ્ય કચેરી તરફથી રાજીનામું મંજૂર કર્યા અંગેની બહાલી મળ્યેથી, જિલ્લા કચેરીએ જે-તે કર્મચારીની પ્રતિનિયુકિત રદ કરીને સબંધિત શિક્ષણ સમિતિને હવાલે મૂકવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે. બહાલી મેળવ્યા પૂર્વે પ્રતિનિયુકિત રદ કરી શકાશે નહી. |

| | |
|---|---|
| | (૩) સમગ્ર શિક્ષા અંતર્ગત પ્રતિનિયુકિત હેઠળ આવેલ બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર પ્રતિનિયુકિત પરથી પરત શિક્ષકમાં જાય ત્યારે તેવા કિસ્સામાં શિક્ષણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ– **'H'(6)** અને **'H'(7)**માં દર્શાવેલ કારણો માટે જે તે જોગવાઇ લાગુ પડશે.<br>(૪) પ્રતિનિયુકિત હેઠળ કાર્યરત બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર માટે તેઓની વિધ્યાસહાયક/શિક્ષક તમામ પ્રકારની માંગણીની બદલીઓ માટે તા.૧૧/૦૫/૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ– **'G' (16)** ની જોગવાઇ લાગુ પડશે. |
| (E) | **બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકેની પ્રતિનિયુકિત કોઇ કારણોસર રદ થાય તો તેવા સંજોગોમાં રજૂઆત માટે અપીલની જોગવાઇ :** |
| | બીઆરસી/યુઆરસી અને સીઆરસી કો.ઓર્ડિનેટરની કોઇ કારણોસર પ્રતિનિયુકિત રદ થવાના સંજોગોમાં જે તે કર્મચારીને અસંતોષ/નારાજગી હોય તો તે નીચે જણાવેલ પધ્ધતિ અનુસાર રાજયકક્ષાએ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને લેખિત અરજી ધ્વારા રજૂઆત કરી શકશે.<br>જે તે શિક્ષક કર્મચારી તેઓની પ્રતિનિયુકિત રદ કરેલ હુકમની તારીખથી દિન–૩૦માં તમામ આધાર– પુરાવા સાથે આવા હુકમ સામે નારાજગીની સ્પષ્ટ વિગતો સમાવતી રજૂઆત શિષ્ટ ભાષામાં લેખિત અરજી સ્વરુપે કરવાની રહેશે. આ અરજી ત્રણ નકલમાં કરવાની રહેશે. જેની બે નકલ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી અને એક નકલ સબંધિત જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટર/ એડી.જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરશ્રીને R P A D થી ફરજિયાત મોકલવાની રહેશે. |

**આ પરિપત્ર તેમજ તેમાં નિર્દિષ્ઠ જોગવાઇઓ પરિપત્ર પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.**

**અત્રેની સીંગલ ફાઇલની નોંધ પર**
**શિક્ષણ વિભાગની મળેલ મંજૂરી સંદર્ભે**

Patange.
**(ડૉ.રતનકંવર એચ.ગઢવીચારણ,IAS)**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સમગ્ર શિક્ષા,ગુજરાત**

**પ્રતિ,**

- જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સમગ્ર શિક્ષા,જિલ્લા : તમામ
- એડી.જિલ્લા પ્રોજેકટકો.ઓ અને શાસનાધિકારશ્રી,સમગ્ર શિક્ષા: અમદાવાદ,વડોદરા,રાજકોટ,સુરત

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- અંગત સચિવશ્રી, માન. શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન.રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ જયભારતસહ રવાના જાણ અર્થે :**

- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૧૨, ગાંધીનગર

પેજ-૯/૯